દાખલ તારીખ : ૦૧/૦૩/૨૦૧૯
નોંધ્યા તારીખ : ૦૧/૦૩/૨૦૧૯
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૭–૦૦ – ૦૬

## રાધનપુર ના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટ માં. રાધનપુર

ફોજદારી કેસ નં.૧૦૫/૨૦૧૯
આંક : ૩૦

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** ઠાકોર પ્રભુભાઈ ઉર્ફે ભભલો સન/ઓફ નાગજીભાઈ ઓખાભાઈ, ઉ.વ.૩૩, રહે.અગીચણા, તા.રાધનપુર, જી.પાટણ.

**ગુનો : ઈ.પી.કોડની કલમ–૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપી તરફે વિ.વકીલશ્રી એલ.પી.ઠાકોર

**ઠ રા વ**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ સહઆરોપીઓની સાથે રહી તા.૧૩/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે મોજે ગોતરકા ગામે સહઆરોપીઓએ માર મારી આ કામના આરોપી તેમજ સહઆરોપીઓએ ફરીયાદીને પોતાની બોલેરો ગાડી નં.જી.જે.૧.એચ.એસ. ૨૦૮૧ માં નાખી અપહરણ કરી અદગામ ગામે ઉતારી ગડદાપાટુથી માર મારી ફરીવાર ફરીયાદીને ગાડીમાં બેસાડી જાખેલ, તા.સમી મુકામે લાવી ગાડી સાથે મુકી નાશી જઈ મે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, પાટણના હથીયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ તે મતલબની ફરીયાદીએ આ કામના આરોપી તથા સહઆરોપીઓ વિરૂધ્ધ રાધનપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા તે અંગે રાધનપુર પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર્ડ થતા તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામું કરી, આ કામના આરોપી તથા સહઆરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા, સહઆરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં

મુખ્ય ચાર્જશીટ દાખલ કરેલ અને આ કામના આરોપી જે તે સમયે નાસતા ભાગતા હોય અને પાછળથી આ કામના આરોપીની અટક થતા આરોપી વિરૂઘ્ધ અત્રેની અદાલતમાં ઈ.પી.કોડની કલમ–૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું પુરવણી ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતાં, તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂઘ્ધ આક્ષેપિત ગુના સંબંધે આંક–૨ તહોમતનામું ફરમાવી, આંક–૩ થી આરોપીની પ્લી લેતાં આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતાં ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) આ ગુનાનું મુખ્ય ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૯૩૭/૧૮ થી નોંધાયેલ છે અને તે કેસમાં અમોના પુરોગામી વિ.મેજીસ્ટ્રેટશ્રીએ આંક–૧૦ હેઠળ ક્રિમીનલ કેસ નં. ૯૩૭/૧૮ તથા ક્રિમીનલ કેસ નં.૧૦૫/૧૯ વાળા બંને કેસો એક સાથે ચલાવવા અને ક્રિમીનલ કેસ નં.૯૩૭/૧૮ ને મુખ્ય કેસ ગણી તે કામમાં પુરાવો નોંધવાનો હુકમ તા.૭/૭/ ૨૦૨૩ ના રોજ કરેલ છે. જેથી આ ગુનાનુ ચાર્જશીટ તે પુરવણી ચાર્જશીટ હોય અને ક્રિમીનલ કેસ નં.૯૩૭/૧૮ (મુખ્ય ચાર્જશીટ) ના કામે આંક–૧૬, ૧૮, ૨૨ થી તપાસેલ પંચ સાહેદોનો પુરાવો આ કામે વંચાણે લીધેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

| અનુ | નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ આહીર અરજણભાઈ દેવરાજભાઈની જુબાની. | ૧૬ |
| ૨ | પંચ સાહેદ પ્રકાશભાઈ વાલજીભાઈ ઠાકોરની જુબાની. | ૧૮ |
| ૩ | પંચ સાહેદ રાઠોડ પ્રવિણસિંહ જીલુભાની જુબાની. | ૨૨ |
| ૪ | ફરીયાદી આયર ભરતભાઈ દેવાભાઈની જુબાની. | ૨૧ |
| ૫ | સાહેદ લાલાભાઈ દેવાભાઈ આયરની જુબાની. | ૨૩ |

## દસ્તાવેજી પુરાવાઓ

| અનુ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૪ |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૫, ૨૬ |
| ૪ | મારક હથીયાર કબજે કર્યાનું પંચનામું. | ૨૭ |

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો નહી રજુ કરવો હોવાના મતલબની આંક–૨૮ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે તથા રજુ પુરાવા આધારે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ના હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. આમ, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

### મુદ્દા

| | | |
|---|---|---|
| | ૧ | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સહઆરોપીઓની સાથે રહી તા.૧૩/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે મોજે ગોતરકા ગામે સહઆરોપીઓએ માર મારી આ કામના આરોપી તેમજ સહઆરોપીઓએ ફરીયાદીને પોતાની બોલેરો ગાડી નં.જી.જે.૧.એચ.એસ. ૨૦૮૧ માં નાખી અપહરણ કરી અદગામ ગામે ઉતારી ગડદાપાટુથી માર મારી ફરીવાર ફરીયાદીને ગાડીમાં બેસાડી જાખેલ, તા.સમી મુકામે લાવી ગાડી સાથે મુકી નાશી જઈ મે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, પાટણના હથીયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, આરોપીએ ઈ.પી.કોડની કલમ–૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| મુદ્દા નં.૨ | ૨ | શું હુકમ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગે ના મારા નિર્ણયો કારણ સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નં.૧</u> :**

(૮) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ અરજણભાઈ દેવરાજભાઈ આહીરને આંક–૧૬ થી તથા બીજા પંચ સાહેદ પ્રકાશભાઈ વાલજીભાઈ ઠાકોરને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, આજથી છ–સાત વર્ષ અગાઉ તેઓ રાધનપુર હાઈવે ઉપર ઉભા હતા ત્યારે પોલીસે તેઓની એક પંચનામામાં સહી કરાવેલી તેઓની હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ આંક–૧૭ (આ પંચનામુ આ કામે આંક–૨૪ થી રજુ છે.) વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિગતવાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પંચ સાહેદોએ જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય કોઈ હકીકત તેઓ જાણતા નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ પ્રવિણસિંહ ઝીલુભા રાઠોડને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, આજથી સાતેક વર્ષ અગાઉ તેઓ રાધનપુર પોલીસ સ્ટેશનની આગળ ચા ની લારીયે ઉભા હતા ત્યારે પોલીસે તેઓની એક પંચનામામાં સહી કરાવેલી. તેઓની હાજરીમાં કોઈ ઈસમને મારક હથીયાર રજુ કરેલ હોય કે પોલીસે મારક હથીયાર અંગેનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ આંક–૨૩ (આ પંચનામુ આ કામે આંક–૨૭ થી રજુ છે.)વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી. શ્રીએ તેમને વિગતવાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા નથી.

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી ભરતભાઈ દેવાભાઈ આયરને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૩/૧૨/૨૦૧૬ ના રોજ બપોરના સમયે ગોતરકા ગામે બનેલ બનાવના દિવસે તેઓ ગોતરકા ગામે મેળામાં ગયેલ અને ગોતરકા ગામથી અબીયાણા રોડ ઉપર તેઓની બોલેરો ગાડી નં.જી.જે ૦૧ એચ.એસ. ૨૦૮૧ પાર્ક કરેલ હતી ત્યાં જઈ બેસેલ તે વખતે આરોપી પ્રભુભાઈ નાગજીભાઈ તેની સાથે ત્રણ માણસોને લઈ તેઓની પાસે આવેલ અને ગાડી લે–વેચના ધંધા બાાબતે તેઓની સાથે ઝઘડો કરેલ તે વખતે મેળો ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ તેમાંથી કોઈકે તેઓને ખભાના ભાગે તથા જમણા હાથની હથેળી ઉપર કાંઈક મારેલ ત્યારબાદ તેઓના ભાઈ લાલાભાઈ દેવાભાઈ આવી જતા આરોપીઓ જતા રહેલ અને તેઓને ઈજા થયેલ હોય તેઓ સારવાર માટે રાધનપુર સરકારી હોસ્પીટલે ગયેલ અને સારવાર કરાવેલ. આ બનાવમાં તેઓના ભાઈ લાલાભાઈને પણ વાગેલ તેમણે પણ રાધનપુર સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલ. આ બનાવની ફરીયાદ કરવા તેઓ રાધનપુર પો.સ્ટે. ગયેલ ત્યાં પોલીસે તેઓની ફરીયાદ લખી લઈ સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલ. ફરીયાદ જોઈને કહે છે તેમાં તેઓની સહી છે જે ફરીયાદ આંક–૨૨ થી રજુ કરે છે. આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી. શ્રીએ તેમને વિગતવાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, બનાવ સમયે મેળો હોય ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ તેમાંથી કોણે શુ મારેલ તે તેઓને ખબર નથી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ લાલાભાઈ દેવાભાઈ આયરને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૩/૧૨/૨૦૧૬ ના રોજ બપોરના સમયે ગોતરકા ગામે બનેલ બનાવના દિવસે તેઓ ગોતરકા ગામે મેળામાં ગયેલ અને ગોતરકા ગામથી અબીયાણા રોડ ઉપર તેઓના ભાઈ ભરતભાઈ તેઓની બોલેરો ગાડી નં. જી.જે ૦૧ એચ.એસ. ૨૦૮૧ પાર્ક કરેલ હતી ત્યાં જઈ બેસેલ તે વખતે આરોપી પ્રભુભાઈ નાગજીભાઈ તેની સાથેના ત્રણ માણસો ભરતભાઈની સાથે ગાડી લે–વેચના ધંધા બાાબતે ઝઘડો કરતા

હતા તેથી તેઓ વચ્ચે પડેલ તે વખતે મેળો હોય ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ તેમાંથી કોઈકે તેઓને જમણા હાથે ખભાના ભાગે કાંઈક મારેલ ત્યારબાદ આરોપીઓ જતા રહેલ અને તેઓને તથા ભરતભાઈને ઈજા થયેલ હોય તેઓ બંને સારવાર માટે રાધનપુર સરકારી હોસ્પીટલે ગયેલ અને સારવાર કરાવેલ. આ બનાવની ફરીયાદ કરવા તેઓ તથા ભરતભાઈ ફરીયાદ કરવા રાધનપુર પો.સ્ટે. ગયેલ ત્યાં પોલીસે ભરતભાઈની ફરીયાદ લખી લીધેલ. પોલીસે તેઓનો જવાબ લીધેલ. આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિગતવાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ સમયે મેળો હોય ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ તેમાંથી કોણે શુ મારેલ તે તેઓને ખબર નથી.

**(૧૨)** આમ, ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષ તરફે આંક–૧૭ (આ પંચનામુ આ કામે આંક–૨૪ થી રજુ છે.) થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોએ તેમની આંક–૧૬ તથા આંક–૧૮ ની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય તેઓ કોઈ હકીકત જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ સાબિત કરી શકેલ નથી. તે જ રીતે, ફરીયાદપક્ષ તરફે આંક–૨૩ (આ પંચનામુ આ કામે આંક–૨૭ થી રજુ છે.) થી રજુ થયેલ મુદ્દામાલ મારક હથીયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદે તેમની આંક–૨૨ ની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય પંચનામા બાબતે તેઓ કાંઈ હકીકત જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ આ પંચ સાહેદની જુબાનીથી મુદ્દામાલ મારક હથીયાર કબજે કર્યાનુ પંચનામુ સાબિત કરી શકેલ નથી. તેમજ, આ કામે ફરીયાદી તથા સાહેદ લાલાભાઈની જુબાની ધ્યાને લેતા, તેઓએ તેમની જુબાનીમાં બનાવ સમયે મેળો હોય ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ તેમાંથી કોણે શુ મારેલ તે તેઓને ખબર નહી હોવાનું જણાવેલ છે. વધુમાં, તેઓએ તેમની જુબાનીમાં તેઓએ આરોપીના હાથમાં હથીયાર જોયેલ હોય કે આરોપીએ ફરીયાદીનું અપહરણ કરેલ હોય કે આરોપીએ તેઓને ગડદાપાટુનો માર મારેલ હોય, તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, ફરીયાદી તથા સાહેદ લાલાભાઈએ તેમની જુબાનીમાં આંક–૨૨ વાળી ફરીયાદને સમર્થન

કરેલ નથી. આમ, ઉપરોકત તમામ કરેલ ચર્ચા ધ્યાને લેતા, આ કામના આરોપીએ સહઆરોપીઓની સાથે રહી તા.૧૩/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે મોજે ગોતરકા ગામે સહઆરોપીઓએ માર મારી આ કામના આરોપી તેમજ સહઆરોપીઓએ ફરીયાદીને પોતાની બોલેરો ગાડી નં.જી.જે.૧.એચ.એસ. ૨૦૮૧ માં નાખી અપહરણ કરી અદગામ ગામે ઉતારી ગડદાપાટુથી માર મારી ફરીવાર ફરીયાદીને ગાડીમાં બેસાડી જાખેલ, તા.સમી મુકામે લાવી ગાડી સાથે મુકી નાશી જઈ મે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, પાટણના હથીયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરેલ હોય, તેવી હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોય, આથી **મુદ્દા નં.૧** નો જવાબ '**નકારમાં**' આપીને **મુદ્દા નં.ર** અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના આરોપી ઠાકોર પ્રભુભાઈ ઉર્ફે ભભલો સન/ઓફ નાગજીભાઈ ઓખાભાઈ, ઉ.વ.૩૩, રહે.અગીચણા, તા.રાધનપુર, જી.પાટણનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા અને દંડને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત અપીલ સમય વિત્યા બાદ રદ ગણવા.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૫,૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ માસના ગાળાના દિન–૭ માં આપવા.

આ હુકમ આજરોજ તા.૭/૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૭/૩/૨૦૨૬
રાધનપુર

(દિલીપસિંહ માનસિંહ રાઠોડ)
કોડ નં.જીજે ૦૦૭૪૨
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર